# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


===================================================================

અખબારી યાદી તા. ૨૧-૭-૨૦૨૩

- **છેલ્લા ચાર વર્ષ માં રાજ્ય માં ઓવરસ્પીડિંગ અકસ્માત થી ૨૬,૫૫૩ મૃત્યુ**
- **ગુજરાત ના ચાર મહાનગર માં ત્રણ વર્ષ માં અકસ્માત માં ૧૮,૨૮૭ મૃત્યુ.**
- **ગુજરાત રાજ્ય માં અકસ્માત માં મૃત્યુ ના આંક માં સુરત શહેર મોખરે છે.**
- **એનસીઆરબી મુજબ ત્રણ વર્ષ માં સુરત માં અકસ્માત માં ૬૭૬૦ મૃત્યુ**
- **અમદાવાદ માં અકસ્માત માં ૫૪૯૫, રાજકોટ માં ૩૯૩૪ અને વડોદરા માં ૨૦૯૮ મૃત્યુ**
- **ગુજરાતમાં નેશનલ હાઈવે પર અકસ્માત માં મૃત્યુ ના મુખ્ય કારણ ઓવર સ્પીડીંગ અને રોંગ સાઈડ ડ્રાઈવિંગ..**

રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસ વાર્તા ને સંબોધતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતાશ્રી પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યુ કે ગુજરાતમાં જે પ્રકારે ગમખ્વાર અકસ્માત માં નિર્દોષ લોકો ના જીવ જઈ રહ્યા છે તે સમાજ અને સરકાર બંને માટે ચિંતાનો વિષય છે. ગુજરાત રાજ્ય ના ચાર મહાનગરો એનસીઆરબીના આંકડા મુજબ ત્રણ વર્ષ માં ૧૮,૨૮૭ મૃત્યુ થયા. અકસ્માત માં મૃત્યુ આંકમાં સુરત ગુજરાત રાજ્ય માં મોખરે છે. સુરત શહેરમાં ત્રણ વર્ષમાં અકસ્માતમાં ૬૭૬૦ મૃત્યુ થયા છે. અમદાવાદ માં ત્રણ વર્ષમાં ૫૪૯૫, રાજકોટ માં ૩૯૩૪ અને વડોદરા માં ૨૦૯૮ મૃત્યુ થયા છે. ગુજરાત રાજ્યમાં રોડ સેફ્ટી એક્ટ ૨૦૧૮ માં અમલ આવી ગયો છે, છતાં હાલમાં પણ તેનું સંપૂર્ણ પાલન થઈ રહ્યું નથી.

ગુજરાત રાજ્ય ના રોડ સેફ્ટી ઓથોરિટી મુજબ ગત વર્ષ ૨૦૨૨ માં ઓવર સ્પીડિંગ ના લીધે નેશનલ હાઈવે માં અકસ્માત માં ૧૯૯૧ મૃત્યુ થયા .જ્યારે વર્ષ ૨૦૨૧ માં ઓવર સ્પીડિંગ માં ૧૯૭૧, વર્ષ ૨૦૨૦ માં ૧૭૧૮ અને વર્ષ ૨૦૧૯ માં ૧૮૨૪ મૃત્યુ થયા. વર્ષ ૨૦૨૨ માં રોંગ સાઈડ ડ્રાઈવિંગ ના લીધે અકસ્માત થી ૬૨ મૃત્યુ થયા જ્યારે વર્ષ ૨૦૨૧ માં ૬૩, વર્ષ ૨૦૨૦ માં ૬૩ અને વર્ષ ૨૦૧૯ માં ૬૨ મૃત્યુ થયા. ગુજરાત સરકાર જોડે અમારી માંગ છે કે ગુજરાત ને સ્પીડ મેનેમેન્ટ પ્લાન ની તાતી જરૂરિયાત છે. ઈન્ટરસેપ્ટર વાહનો માત્ર નામ પૂરતા દેખાય છે તેનો પુરતો ઉપયોગ કરવો જોઈએ. સ્પીડ કેમેરા લગાડવા, સ્પીડ લિમિટ ને ફોલો કરવા માટે પૂરતા પ્રયાસો કરવા જોઈએ. ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા હાયર એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ નો સમાવેશ કરી ટીન એજર અને યુવાનો માં જાગૃતિ લાવવા નો પ્રયત્ન કરવો જોઈએ. ટ્રાફિક પોલીસ દ્વારા સ્પીડ મોનીટરીંગ કરવું જોઈએ. એસ જી હાઈવે અમદાવાદ જેવો કરૂણ અકસ્માત ફરી ન બને તે માટે સરકારે રોડ સેફ્ટી ને પ્રાધાન્ય આપવા ઉપર કામ કરવું જોઈએ.

| **મહાનગરમાં અકસ્માતમાં થયેલ મૃત્યુ આંક** | **વર્ષ ૨૦૧૯** | **વર્ષ ૨૦૨૦** | **વર્ષ ૨૦૨૧** | **કુલ** |
|---|---|---|---|---|
| અમદાવાદ | ૧૮૩૬ | ૧૭૬૮ | ૧૮૯૧ | ૫૪૯૫ |
| સુરત | ૨૩૫૩ | ૨૧૧૯ | ૨૨૮૮ | ૬૭૬૦ |
| રાજકોટ | ૧૩૮૦ | ૧૨૬૨ | ૧૨૯૨ | ૩૯૩૪ |
| વડોદરા | ૭૯૪ | ૫૯૭ | ૭૦૭ | ૨૦૯૮ |

| **ગુજરાત રાજ્યમાં આવેલ નેશનલ હાઈવે ઉપર થયેલા અકસ્માતમાં મૃત્યુ આંક** | **વર્ષ ૨૦૧૯** | **વર્ષ ૨૦૨૦** | **વર્ષ ૨૦૨૧** | **વર્ષ ૨૦૨૨** |
|---|---|---|---|---|
| ઓવર સ્પીડીંગ | ૧૮૨૪ | ૧૭૧૮ | ૧૯૭૧ | ૧૯૯૧ |
| રોંગ સાઈડ ડ્રાઈવીંગ | ૬૨ | ૬૩ | ૬૩ | ૬૨ |

| **ગુજરાત રાજ્યમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુનો આંક** | **વર્ષ ૨૦૧૯** | **વર્ષ ૨૦૨૦** | **વર્ષ ૨૦૨૧** | **વર્ષ ૨૦૨૨** |
|---|---|---|---|---|
| ઓવર સ્પીડીંગ | ૬૩૪૩ | ૫૮૦૬ | ૭૧૬૮ | ૭૨૩૬ |
| રોંગ સાઈડ ડ્રાઈવીંગ | ૨૨૫ | ૨૦૮ | ૨૦૩ | ૨૩૧ |

પાર્થિવરાજસિંહ કઠવાડિયા
પ્રવકતા, મો. 9898134146